૬૦

## મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટેની સૂચના

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- ૨૩/૩/૨૦૨૩

પ્રેષકઃ- અર્જુન મોઢવાડીયા

વિ.સ.સ. ૮૩- પોરબંદર

પ્રતિ
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે હું માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પરત્વે ધ્યાન દોરવાની સૂચના આપું છું અને માનનીય મંત્રીશ્રી તે બાબત ઉપર નિવેદન કરે તેવી વિનંતી કરું છું.

બાબત

તાજેતરમાં રાજકોટ શહેરમાં ગટરની સફાઈ વખતે ગટરના મેનહોલમાં ઉતરેલ શ્રમિક બેભાન થઈ ગયેલ અને તેને બચાવવા કોન્ટ્રાકટર પણ ગેસ ગળતરનો ભોગ બન્યા હતા અને બંને વ્યકિતઓના સ્થળ પર મૃત્યુ થયા હતા તેના કારણે ગટર સફાઈ કામદારોમાં રોષ અને ભયની લાગણી વ્યાપી છે. ગટરની સફાઈ માટે મેનહોલમાં કામદારોને ન ઉતારવા પડે તે માટે અને મૃતક કામદારના પરીવારજનોને સહાય ચૂકવવા સહિત સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાંઓ.

23/3/2023
12-54 p.m.

આપનો વિશ્વાસુ,

સહીઃ- અર્જુન મોઢવાડીયા

વિધાનસભા સભ્યશ્રીનું નામઃ- અર્જુન મોઢવાડીયા
મતદાર વિભાગ નંબરઃ- ૮૩ - પોરબંદર

Scanned by CamScanner

રાજકોટની ઘટના: મેઈન હોલ ખોલતા જ શ્રમિક પટકાયો

# ભૂગર્ભ ગટરમાં ગેસ ગળતરથી શ્રમિક-કોન્ટ્રાક્ટર બંનેનાં મોત

## કોન્ટ્રાક્ટર બચાવવા અંદર કૂદ્યો, બંનેની લાશો બહાર આવી

દિવ્ય ભાસ્કર
તા. 22/03/2013

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

શહેરના સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ મેઈન રોડ પર ગોકુલધામ ગેટ સામે ભૂગર્ભ ગટરની સફાઈ વખતે ગટરના મેનહોલમાં ખાબકેલો શ્રમિક ગેસ ગળતરથી બેભાન થઈ ગયો હતો, તેને બચાવવા દોડેલા કોન્ટ્રાક્ટર પણ ગેસ ગળતરનો ભોગ બન્યા હતા અને બંનેના સ્થળ પર જ મૃત્યુ થયા હતા.



ગોકુલધામની સામે એંસીફૂટ રોડ પર ભૂગર્ભ ગટર ચોકઅપ થઈ ગયાની ફરિયાદ નોંધાતા કોન્ટ્રાક્ટર અફઝલભાઈ ફુફર સહિત અને તેમના માણસો સફાઈ કામ માટે પહોંચ્યા હતા, સફાઈ કામદાર મેહુલ કાલીદાસ મેસડા ગટરના મેનહોલ પાસે અન્ય બે શ્રમિકો સાથે કામ કરી રહ્યો હતો, મેનહોલનું ઢાંકણ ખોલતાં જ મેહુલ ગૂંગળાઈને ગટરમાં પટકાયો હતો, નજીકમાં જ કામ કરી રહેલા કોન્ટ્રાક્ટર અફઝલભાઈને જાણ કરતા તે શ્રમિક મેહુલને બચાવવા દોરી લઈને ગટરમાં ઉતર્યા હતા. પરંતુ બંનેની લાશો જ બહાર આવી હતી.